સોગંદ આપ્યા......

**વાદીની આંક–૩૩ની શ્રી રાધાકૃષ્ણ ગૌસેવા ટ્રસ્ટના પ્રમુખશ્રી સ્વામી લક્ષ્મીનારાયણદાસજી ગુરુશ્રી લક્ષ્મીપ્રસાદજીની સરતપાસ લગત પ્રતિવાદી નં. ૧,૪ તર્ફે ઉલટ તપાસ વિ.વ.શ્રી, એમ.ટી.રાવલ**

(૯) એ વાત ખરી છે કે, આંક–૮૨નાં પી.ટી.આર.માં ટ્રસ્ટી તરીકે મારુ નામ છે અને મારી સાથે અન્ય ટ્રસ્ટી તરીકે અલ્કેશભાઈ મહેન્દ્રભાઈ પટેલ તથા હંસાબેન લલીતભાઈ આમોદ્રા તથા વામજા રાજદીપ શીવલાલ તેમજ સ્વામી નરેન્દ્રપ્રસાદ ગુરુ લક્ષ્મીપ્રસાદદાસજીના નામો છે. એ વાત ખરી છે કે, આ સિવાય અન્ય કોઈ ટ્રસ્ટી નથી. એ વાત ખરી છે કે, અલ્કેશભાઈ મહેન્દ્રભાઈ પટેલ મારા ભાણેજ થાય છે અને હંસાબેન લલીતભાઈ આમોદ્રા મારા પત્નિ થાય છે. એ વાત ખરી નથી કે, વામજા રાજદીપ શીવલાલ મારા સગા થાય છે. એ વાત ખરી છે કે, વાદી ટ્રસ્ટની જે કાંઈ સ્થાવર મીલ્કત હોય તે તમામની માલીકી ટ્રસ્ટની હોય. એ વાત ખરી છે કે, ટ્રસ્ટીની માલીકી ન ગણાય.

સવાલ:– આંક–૮૨ના પી.ટી.આર. માં તમે વાદી ટ્રસ્ટની માલીકીની મીલ્કતની વિગતો દર્શાવેલ નથી ?

જવાબ:– અમને આ બાબતની જાણ ન હોય જેથી દર્શાવેલ નથી.

એ વાત ખરી છે કે, આ ટ્રસ્ટની નોંધણી સને ૧૯૯૭માં અમે કરાવેલ છે અને ત્યારથી આ ટ્રસ્ટ ચલાવીએ છીએ.

સવાલ:– તમને ટ્રસ્ટ એકટના કાયદાની જોગવાઈઓની તમામ જાણકારી છે ?

જવાબ:– આ કાયદાની ઘણી જોગવાઈઓ હોય હું કઈ રીતે કહી શકુ કે મને બધી જ જોગવાઈઓની જાણકારી છે.

એ વાત ખરી છે કે, ટ્રસ્ટની નોંધણી બાદ ટ્રસ્ટમાં જે કાંઈ ફેરફાર હોય તે તમામ ફેરફારોની નોંધણી અમે રજુ કરીએ છીએ. એ વાત ખરી છે કે, આ તમામ ફેરફાર હું ટ્રસ્ટ એકટના કાયદાની જોગવાઈઓ મુજબ રજુ કરુ છું. એ વાત ખરી છે કે, ટ્રસ્ટની નોંધણી સમયે મોરબી મદદનીશ ચેરીટી કમીશ્નરશ્રીની કચેરી પહેલા સુરેન્દ્રનગર મદદનીશ ચેરીટી કમીશ્નરની કચેરીમાં નોંધાયેલ હતું. એ વાત ખરી છે કે, સુરેન્દ્રનગર મદદનીશ ચેરીટી કમીશ્નરની કચેરીમાં ટ્રસ્ટના ફેરફારો રજુ કરેલા હતા. એ વાત ખરી નથી કે, ફેરફારના અનુસંધાને સુરેન્દ્રનગરમાં મને ત્રણ વર્ષ જેલની સજા થયેલી હતી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, અમારા ઉપર ખોટો ૪૬૫,૪૬૬,૪૬૮ જેવી કલમો લગાવીને કેસ દાખલ કરેલો કાલુપુર મંદીરના આચાર્ય કૌશલેન્દ્રપ્રસાદજીના સેક્રેટરી વોરા મનીષભાઈ દ્રારા, જે કેસમાં અમો નિર્દોષ છુટેલા છીએ. એ વાત ખરી છે કે, એ સમયે હું ત્રણ વર્ષ સુધી કાચા કામના કેદી તરીકે સુરેન્દ્રનગર જેલમાં હતો.

સવાલ:– સને ૨૦૦૫નાં વર્ષમાં તમોએ ભગવા વસ્ત્રોનો ત્યાગ કરેલો અને ગાદીપતી દ્રારા પ્રમુખ તરીકે તમને દુર કરવા ઉપરાંત પી.ટી.સી. કોલેજના અંધેર વહીવટના કારણોસર ઘણા બધા માણસોનું ટોળું તમારી સંસ્થામાં આવેલું ?

જવાબ:– ગાદીપતીને મને પ્રમુખ સ્થાનેથી દુર કરવાનો કોઈપણ અધીકાર નથી તેમજ ભગવા વસ્ત્રો છોડયા તેથી જ ગાદીપતી દ્રારા બે હજાર માણસોનું ટોળું મોકલીને સંસ્થા ઉપર બીનકાયદેસર કબજો કરેલો.

એ વાત ખરી નથી કે, આ કબજો કરવામાં પ્રતિવાદીઓ પણ સાથે હતા.

સવાલ:– તમોએ ભગવા વસ્ત્રોનો ત્યાગ કરેલો તે તમામ હકીકત જાહેર વર્તમાનપત્રોમાં પણ આવેલી ?

જવાબ:– જે તે સમયે આવી હશે, મને જાણ નથી.

એ વાત ખરી છે કે, તા. ૧/૩/૨૦૧૬નાં રોજ મારી સામે તથા મારો ભાણેજ અલ્કેશભાઈ સામે હળવદ પોલીસ સ્ટેશનમાં બળાત્કારની ફરીયાદ થયેલ હતી. એ વાત ખરી છે કે, આ ગુનાનો સેશન્સ કેસ નંબર ૪૧/૨૦૧૯ હતો. એ વાત ખરી છે કે, સેશન્સ કેસ નંબર ૪૧/૨૦૧૯માં મને તથા અલ્કેશભાઈને મોરબીના એડી. સેશન્સ જજ સાહેબે દસ વર્ષની સખત કેદની સજા અને એક લાખ રૂપિયાનો દંડ કરેલ છે અને દંડ ન ભરો તો વધુ એક વર્ષની સજાનો હુકમ કરેલ છે. એ વાત ખરી છે કે, આ હુકમ થયો પછી મને કસ્ટડીમાં લેવામાં આવેલ હતો. એ વાત ખરી છે કે, આ હુકમની સામે અમોએ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં અપીલ દાખલ કરેલ છે. એ વાત ખરી છે કે, નામદાર ગુજરાત હાઈકોર્ટે અમારી અપીલમાં સજાનો હુકમ સ્ટે કરી અમોને જામીન આપેલ છે. એ વાત ખરી છે કે, તા. ૨૧/૪/૨૦૨૫ થી તા. ૧૦/૭/૨૦૨૫ સુધી સજાના કેદી તરીકે હું જેલમાં હતો.

એ વાત ખરી છે કે, સેશન્સ કેસ નંબર ૪૧/૨૦૧૯ લલીતભાઈ ઉર્ફે શાસ્ત્રીજી મકનજી આમોદ્રાના નામે ચાલેલ છે. એ વાત ખરી છે કે, લલીતભાઈ ઉર્ફે શાસ્ત્રીજી મકનજી આમોદ્રા એટલે કે લલીત મકનજી આમોદ્રાના નામે ચાલેલ.

સવાલ:– સેશન્સ કેસ નંબર ૪૧/૨૦૧૯ માં તમે લક્ષ્મીનારાયણના નામનો કોઈ ઉલ્લેખ કરેલ નથી કે કોઈ પુરાવો આપેલ નથી ?

જવાબ:– એફ.આઈ.આર. જે નામે લખાવેલ તે નામે અમારો કેસ ચાલેલ.

સવાલ:– તમારું ખરેખર નામ લલીત મકનજી પટેલ (આમોદરા) સને ૨૦૦૫નાં વર્ષથી હોવા છતા આજદીન સુધી આધારકાર્ડમાં કોઈ ફેરફાર કરાવેલ નથી ?

જવાબ:– મારું નામ લક્ષ્મીનારાયણદાસ ગુરુ લક્ષ્મીપ્રસાદદાસ એવું આધારકાર્ડમાં છે.

સવાલ:– જો તમે લલીત મકનજી પટેલ (આમોદરા)ના નામું આધારકાર્ડ બનાવો તો આપોઆપ ટ્રસ્ટના પ્રમુખ અને ટ્રસ્ટી તરીકે દુર થઈ જાઓ ?

જવાબ:– ટ્રસ્ટમાં ટ્રસ્ટી તરીકે વ્યકતી વીશેષ નામથી જ ઓળખાતો હોય છે અને અમારા ટ્રસ્ટમાં આજીવન ટ્રસ્ટીની જોગવાઈ છે, નામ બદલવાથી ટ્રસ્ટી બદલી જતો નથી, પરંતુ મારા તમામ ડોકયુમેન્ટ લક્ષ્મીનારાયણદાસ ગુરુ લક્ષ્મીપ્રસાદદાસના હોવાથી આ જ નામ રાખેલ છે અને રહેશે જ.

સવાલ:– તમને સને ૨૦૦૫નાં વર્ષમાં મુળી મંદિરના મંડળ દ્વારા અને ગાદીપતી દ્વારા લક્ષ્મીનારાયણના નામથી દુર કરેલ છે ત્યારબાદ શાસ્ત્રી લક્ષ્મીનારાયણ તરીકે ગાદીપતી દ્વારા નીમાયેલ હોય તેવો કોઈ પુરાવો આ કામે રજુ કરેલ નથી ?

જવાબ:– મુળી મંદીર મંડળને લક્ષ્મીનારાયણના નામને દુર કરવાનો સત્તા જ નથી, શાસ્ત્રી લક્ષ્મીનારાયણ તરીકે મને ગાદીપતીએ કયારેય પણ કયાંય નીયુકતી કરેલ નથી.

એ વાત ખરી છે કે, આ કામના પ્રતીવાદીઓ નરનારાયણદેવનું મંદિર ટ્રસ્ટ કે જે નરનારાયણદેવ કાલુપુર ગાદીપતીનું ટ્રસ્ટ છે તેના ટ્રસ્ટીઓ છે.

એ વાત ખરી નથી કે, ટ્રસ્ટની મીલ્કત સાથે કે વાદી ટ્રસ્ટ સાથે મારે કોઈ કાયદેસરનો નાતો નથી. એ વાત ખરી નથી કે, કાયદાની પ્રકીયાનો ખોટો દુરઉપયોગ કરી હકક હીત વગર હાલનો ખોટો દાવો કરેલ છે. એ વાત ખરી નથી કે, ખોટા દાવા મુજબ પુરાવાનું ખોટું સોગંદનામું ઉભુ કરેલ છે. એ વાત ખરી નથી કે, ખોટા દાવાને ખોટી રીતે સમર્થનમાં આપવા હું હાલ સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છું. એ વાત ખરી નથી કે, શાસ્ત્રી લક્ષ્મીનારાયણ તરીકે નહી હાલ લલીત મકનજી પટેલના નામથી જુબાની આપુ છું.

**ફેરતપાસ નથી.**

તા.૧૮/૯/૨૦૨૫ — મારી રૂબરૂ
હળવદ.

સાહેદ ને મારી રુબરુ જુબાની વાંચી સંભળાવતા
તે ખરી અને કબુલ રાખેલ છે.

**( નિમિષા ગંગારામભાઈ સુરતી )**
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ
હળવદ.
કોડ નં.જીજે. ૦૦૭૧૧

**( નિમિષા ગંગારામભાઈ સુરતી )**
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ
કોડ નં.જીજે. ૦૦૭૧૧